પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૩ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; ભાદરવા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### બનાસકાંઠા કલેક્ટરને સ્વાઈન ફ્લુ



બનાસકાંઠા કલેકટર દિલીપ રાણા સ્વાઈન ફલુની ઝપટમાં આવ્યા છે. પાલનપુર સિવિલ હોસ્પિટલના ફિઝીશીયને આ બાબતની પુષ્ટિ આપી છે.

### મોદી સુપ્રિયા સુલેને કેબીનેટમાં લાવવા ઈચ્છતા હતા

શિવસેનાએ ફરી મોદી સરકાર પર નિસાન સાધ્યું છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતે આક્ષેપ કર્યો છે કે નરેન્દ્ર મોદી એનસીપીના સાંસદ સુપ્રિયા સુલેને કેબીનેટમાં સમાવવા ઈચ્છતા હતા.

### અયોધ્યા જમીન મામલે નવા નિરીક્ષક નિમાશે

અયોધ્યા જમીન મામલે સુપ્રિમ કોર્ટે નવા ઓબ્ઝર્વરની નિમણુંક કરવા હાઈકોર્ટને સૂચના આપી છે. અલાહાબાદ હાઈકોર્ટને ૧૦ દિવસમાં નવ ઓબ્ઝર્વરની નિમણુંક કરવા આદેશ અપાયો છે.

### પોપ ફ્રાન્સિસને ઈજા

પોપ ફ્રાન્સિસ હાલમાં કમ્બોડિયાની મુલાકાતે છે. અહીંના કાર્ટાજીના શહેરની મુલાકાત દરમિયાન ઓપન વ્હીકલમાં લોકોનું અભિવાદન ઝીલવા સમયે અચાનક બ્રેક વાગતા પોપ ફ્રાન્સિસની આંખ પર ઈજા થઈ હતી.

# ૨૧મી સદી ભારતની રહેશે : નરેન્દ્ર મોદી

**સ્વામી વિવેકાનંદના સંબોધનની ૧૨૫મી વર્ષગાંઠની ઉજવણી : નિષ્ફળતા વગર સફળતા શક્ય નથી : નિષ્ફળતાથી ભયભીત થવાની જરૂર નથી : મોદી**



નવીદિલ્હી, તા. ૧૧

શિકાગોમાં સ્વામિ વિવેકાનંદના સંબોધનની ૧૨૫મી વર્ષગાંઠ ઉપર આયોજિત કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જુદા જુદા પાસાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ સ્વામી વિવેકાનંદના સંબોધનની ૧૨૫મી વર્ષગાંઠ અને ભાજપના વિચારક દિનદયાળ ઉપાધ્યાયની ઉજવણીના ભાગરુપે આયોજિત કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું કે, ૨૧મી સદી એશિયાની રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૨૧મી સદી ભારત અને ચીનની રહેશે. મોદીએ આ પ્રસંગે ખાવા પીવાની ચીજવસ્તુઓના વિષય ઉપર પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, આ વિષય અમારી સંસ્કૃતિના હિસ્સા તરીકે નથી. સ્વામી વિવેકાનંદના વિચારોને રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, ખાવા-પીવાની ચીજવસ્તુઓ અને કઈ વસ્તુ ખાવી જોઈએ અને કઈ વસ્તુ ન ખાવી જોઈએ તે વિષય અમારી સંસ્કૃતિના હિસ્સા તરીકે નથી. તેમણે ઉમેર્યું હતું કે, અમે સમય મુજબ ફેરફારની તરફેણ કરીએ છીએ.શિકાગોમાં સ્વામી વિવેકાનંદે આપેલા ભાષણને લઈને તેની ૧૨૫મી વર્ષ ગાંઠ ઉપર આયોજિત કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું કે, ૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ના દિવસે શિકાગોમાં સ્વામી વિવેકાનંદનું સંબોધન માત્ર ભાષણ ન હતું બલ્કે એક તપસ્વીની તપસ્યાની બાબત

● અનુસંધાન પાન-૭ પર

## આયકર વિભાગના રડાર પર ૭ સાંસદો - ૯૮ ધારાસભ્યોની સંપત્તિ

**સીબીડીટી આજે સીલબંધ કવરમાં સાસદો, ધારાસભ્યોના નામ સુપ્રિમને સોંપી શકે**




ન્યુ દિલ્હી,તા.૧૧

સેન્ટ્રલ ડાયરેક્ટ ટેક્સ બોર્ડે સુપ્રીમકોર્ટને કહ્યું છે કે તેઓ ઓછા સમયમાં આવક કરતાં વધુ સંપત્તિ એક એકઠી કરનાર ૭ લોકસભા સાંસદોની તપાસ કરશે. બોર્ડે સોમવારે આ સંબંધે કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યુ છે. સીબીડીટી મંગળવારે સીલબંધ કવરમાં તે સાંસદો અને ધારાસભ્યોના નામ સુપ્રીમ કોર્ટને સોંપી શકે છે, જેને આવક કરતાં વધુ પ્રોપર્ટી બનાવી છે. સુપ્રીમ કોર્ટે સરકારને પૂછ્યું હતું કે જે નેતાઓની પ્રોપર્ટી બે ચૂંટણી વચ્ચે ૫૦૦ ટકા સુધી વધી ગઈ છે, તેના પર સરકારે શું પગલાં લીધા છે?

સીબીડીટીએ સોગંદનામુ રજૂ કરી કહ્યું છે કે લોકસભાના ૨૬ અને રાજ્યસભાના ૧૧ સાંસદો અને ૨૫૭ ધારાસભ્યોએ આવક કરતાં વધુ પ્રોપર્ટી બનાવી છે. ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટે આ મામલે તપાસ કરી છે અને શરૂઆતી તપાસમાં લોકસભાના ૨૬માંથી ૭ સાંસદે આવક કરતાં વધુ સંપત્તિ બનાવી હોય તેવી વાત જાણમાં આવી છે. બોર્ડે કહ્યું કે તેઓ તે સાતેય સાંસદ વિરૂદ્ધ તપાસ કરશે. એમ પણ કહ્યું કે ૨૫૭માં ૯૮ ધારાસભ્યોની સંપત્તિમાં પણ ઘણો જ વધારો નોંધાયો છે. બાકીના ૪૨ ધારાસભ્યોની સંપત્તિની પણ તપાસ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ફ્લોરિડામાં ઈરમા વાવાઝોડાની એન્ટ્રી

**વીજળી ડુલ થતાં ૪૦ લાખ લોકો અંધારપટ હેઠળ : જોર્જિયા, મિયામીમાં વરસાદ : જનજીવન ઠપ**

ફ્લોરિડા,તા. ૧૧

શક્તિશાળી ઈરમા વાવાઝોડું સંપૂર્ણ તાકાત સાથે ફ્લોરિડામાં ત્રાટકતા લાખો લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તીવ્ર પવન અને વરસાદની સાથે વાવાઝોડુ ત્રાટક્યા બાદ ૪૦ લાખ લોકોના ઘરમાં વિજળી ડુલ થઈ ગઈ છે. બીજી બાજુ રાહત કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જ્યોર્જિયા, ફ્લોરિડા, અન્ય ઘણા વિસ્તારોમાં પ્રચંડ પવન સાથે વરસાદ થતાં જનજીવન ખોરવાયું હતું. મળેલી માહિતી મુજબ ઈરમા હવે પૂર્વીય ફ્લોરિડાને પાર કરશે અને મોડેથી પૂર્વીય અલાબામાં આગળ વધશે. ઉત્તર પૂર્વીય ફ્લોરિડા, જ્યોર્જિયા દક્ષિણ પૂર્વીય ભાગો, દક્ષિણ કોરોલીનામાં ભારે પવન સાથે વરસાદ થયો છે. ૧૦થી વધુના મોત થઈ ચુક્યા છે. નુકસાનનો આંકડો મોડેથી જાણવા મળી શકે છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. ફ્લોરિડામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ પડી શકે છે. મિયામીમાં અનેક શેરીઓ પાણીમાં ગરકાવ છે. મિયામીમાં ત્રણ ક્રેન તુટી પડી છે. ફ્લોરિડા ઉપરાંત મિયામી, પામ બીચ ખાતે પણ ભારે નુકસાન થયુ છે. આ તમામ વિસ્તારોમાં વીજળી ડુલ છે. અતિ ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. કેટેગરી ચારના તોફાનના કારણે પ્રચંડ પવન ફુંકાયો હતો.

નેશનલ સેન્ટરે માહિતી આપતા કહ્યું હતું કે, ૧૩૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. વાવાઝોડાના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ફ્લોરિડાના પશ્ચિમી દરિયાકાંઠા ઉપર સૌથી માઠી અસર થઈ હતી. દરિયાઈ સપાટીથી ૧૦થી ૧૫ ફૂટ સુધી ઉંચા મોજા ઉછળ્યા છે. પરિસ્થિતી ઉપર પહેલાથી જ હાલમાં નજર રાખવામાં આવી રહી હતી.

# પાંચ રાજ્યોએ દાયકાથી પડતર કેસોનો નિકાલ કરી રેકોર્ડ સર્જ્યો

**દેશમાં પહેલીવાર ૧૦ વર્ષ જૂના પેન્ડિંગ મામલાઓને એક ટકા પર લાવી દીધા : આ રાજ્યમાં હરિયાણા, પંજાબ. હિ. પ્રદેશ, કેરળ, ચંડીગઢનો સમાવેશ, ગુજરાત, બિહાર, યૂપી, પં. બંગાળની સ્થિતિ સૌથી વધુ ખરાબ**

નવી દિલ્હી,તા. ૧૧

કહેવામાં આવે છે કે ન્યાયમાં વિલંબ થાય તો તેને ન્યાયથી વંચિત ગણવામાં આવે છે. ભારતની ન્યાયિક વ્યવસ્થા સામાન્ય રીતે આ સમસ્યાને ઉકેલવા માટે વર્ષોથી સંઘર્ષ કરી રહી છે, પરંતુ હવે ચાર રાજ્યો અને અને એક કેન્દ્ર શાષિત પ્રદેશે એક અલગ જ આશા જગાવી છે. આ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશે પોતાના અધિકાર ક્ષેત્રમાં આવેલા તમામ ન્યાયાલયમાં એક દશક અથવા તો તેના કરતા પણ વધારે સમયથી લટકેલા તમામ કેસોનો ઉકેલ લાવી દીધો છે. હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ અને કેરળે આ ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. જ્યારે કેન્દ્ર શાષિત પ્રદેશ ચંદીગઢે પણ તેની જસ્ટીસ ડિલિવરી સિસ્ટમમાં સુધારો કરીને મોટી સફળતા હાંસલ કરી લીધી છે. દેશમાં એક દશકઅથવા તો તેના કરતા પણ વધારે સમયથી લટકેલા કેસોની સંખ્યા હાલમાં આશરે ૨૩ લાખ છે. કુલ કેસોની સંખ્યાના નવ ટકા કેસો દેશભરના ન્યાયાલયમાં લટકેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર માટે પેકેજનો આંક એક લાખ કરોડને પાર કરશે

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ કાશ્મીર માટે કેન્દ્રની ડેવલપમેન્ટ પેકેજ ખર્ચમાં વધારાને સામેલ કરવામાં આવ્યા બાદ એક લાખ કરોડના આંકડાને પાર કરી જશે. આજે શ્રીનગરમાં મિડિયા સાથે વાત કરતા ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, ખર્ચમાં વધારાના પરિણામ સ્વરુપે જમ્મુ કાશ્મીર માટે વડાપ્રધાનનું ડેવલપમેન્ટ પેકેજનો આંકડો એક લાખ કરોડના આંકડાને પાર કરી જશે. તેમણે વધુમાં કહ્યું હતુ કે, કાશ્મીર વિવાદને પાંચ સી સાથે ઉકેલી શકાય છે. જેમાં વાતચીત, આત્મવિશ્વાસ, કટિબદ્ધતા, સતત પ્રયાસનો સમાવેશ થાય છે. કલમ ૩૫એ અંગે વાત કરતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આ મુદ્દે કોઈપણ પ્રકારની શંકા રાખવાની જરૂર નથી. કેન્દ્ર સરકાર આ સંદર્ભમાં કોર્ટમાં ગઈ નથી. અમે ખાતરી આપવા માંગીએ છીએ કે, અમારી સરકાર જે કંઈપણ કરશે તે લોકોની ઈચ્છા અને અપેક્ષાની વિરુદ્ધમાં રહેશે નહીં. જો જરૂર પડશે તો એક વર્ષમાં ૫૦ વખત કાશ્મીરની મુલાકાત તેઓ લેશે. જમ્મુ કાશ્મીરમાં સમસ્યાઓને અમે ઉકેલવા માંગીએ છીએ. અમે તમામ લોકોને કહેવા માંગીએ છીએ કે, અમે હંમેશા સમસ્યાઓને લઈને ભાગવાવાળા લોકો નથી.

# આસામમાં ૭૨ હજાર લોકો પુનઃ પુરના સકંજામાં

**પાંચ જિલ્લામાં કેટલાક સ્થળો હજુ જળબંબાકાર : સ્થિતી જટિલ બન્યા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી**

ગુવાહાટી,તા. ૧૧

આસામના પાંચ જિલ્લામાં નવેસરના પુરના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. રાજ્યના પાંચ જિલ્લાના આશરે ૭૨૦૦૦ લોકો મુશ્કેલીમાં આવી ગયા છે. તમામ અસરગ્રસ્ત જિલ્લાઓના વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. કેટલાક વિસ્તારો હજુ જળબંબાકાર થયેલા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ કહ્યુ છે કે દેમાજી, લખીમપુર, સોનિતપુર, મોરીગાવ અને નાગાવ જિલ્માં પુરની માઠી અસર થઈ છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમના અધિકારીઓ તેમના કાફલા સાથે ફસાયેલા લોકોને સુરક્ષિત ખસેડી લેવાની પ્રક્રિયામાં લાગી ગયા છે. એનડીઆરએફે કહ્યુ છે કે સતત ભારે વરસાદના કારણે જરાસર નદીમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે વધી રહી છે. સોનિતપુર જિલ્લામાં ભારે પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. એનડીઆરએફની પહેલી બટાલિયન દ્વારા સોનિતપુર જિલ્લાના કેટલાક ગામોમાં અટવાયેલા લોકોને

● અનુસંધાન પાન-૭ પર








